# ધરમપુર, કપરાડામાં 1-1 ઈંચ વરસાદ

**લાંબા** વિરામ બાદ વલસાડ જિલ્લામાં ફરી મેઘરાજાની એન્ટ્રીથી ખેડૂતોમાં ખુશીનો માહોલ

વલસાડઃ છેલ્લા કેટલાક દિવસોથી વરસાદે વિરામ લીધા બાદ શનિવારે જિલ્લામાં ફરી મેઘરાજાએ આગમન કર્યું હતું. 17 જુલાઈ સાંજે 6 વાગ્યાથી 18 જુલાઈ સાંજે 6 વાગ્યા સુધીના 24 કલાક દરમિયાન જિલ્લાના વિવિધ તાલુકાઓમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. આ સમયગાળા દરમિયાન ધરમપુરમાં સૌથી વધુ 1.06 ઈંચ અને નાનાપોંઢામાં 1.02 ઈંચ વરસાદ નોંધાયો હતો. કપરાડામાં 0.94 ઈંચ, વલસાડમાં 0.63 ઈંચ, પારડીમાં 0.51 ઈંચ, વાપીમાં 0.16 ઈંચ અને ઉમરગામમાં 0.12 ઈંચ વરસાદ વરસ્યો હતો. લાંબા વિરામ બાદ વરસાદ ફરી શરૂ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે વરસાદનું પ્રમાણ સામાન્ય રહેતાં ક્યાંય જનજીવન પર ખાસ અસર જોવા મળી નહોતી. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં પણ જિલ્લામાં છૂટાછવાયા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.



ધર્મેશ પટેલ

# ખેરગામમમાં ૨૪ અને ચીખલીમાં ૨૩ મીમી વરસાદ

**નવસારી** જિલ્લામાં સતત વરસાદથી ખેતીને બળ, જળસંચયમાં વધારો

નવસારી, ઘેજ: નવસારી જિલ્લામાં સતત ત્રીજા દિવસે વરસેલા વરસાદે ચોમાસાને નવી ગતિ આપી છે. છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા વરસાદે માત્ર વાતાવરણમાં ઠંડક જ નથી પ્રસારી, પરંતુ કૃષિ, જળસંચય અને પર્યાવરણ માટે પણ સકારાત્મક સંકેતો આપ્યા છે. જોકે, સતત વરસાદ વચ્ચે નીચાણવાળા વિસ્તારો અને શહેરી ડ્રેનેજ વ્યવસ્થાની કસોટી પણ શરૂ થઈ છે.

જિલ્લામાં ખેરગામમમાં ૨૪ મીમી અને ચીખલીમાં ૨૩ મીમી સાથે સૌથી વધુ વરસાદ નોંધાયો છે. ચાલુ ચોમાસામાં કુલ સરેરાશ વરસાદ ૮૩૯ મીમી પર પહોંચી ગયો છે. ચીખલી તાલુકો ૯૯૦ મીમી વરસાદ સાથે જિલ્લામાં સૌથી આગળ છે. કૃષિ નિષ્ણાતોના મતે, આ વરસાદ ડાંગર સહિતના ખરીફ પાક માટે અત્યંત લાભદાયી સાબિત થશે. ખેતરોમાં પૂરતો ભેજ ઉપલબ્ધ થતાં પાકના વિકાસને વેગ મળશે, જ્યારે નદી-નાળા, ચેકડેમ અને જળાશયોમાં નવા નીરની આવકથી ભૂગર્ભ જળસ્તરમાં પણ સુધારો થવાની શક્યતા છે. બીજી તરફ, સતત વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ, રસ્તાઓ પર ખાડાઓ અને ટ્રાફિકની સમસ્યાઓ સર્જાવાની શક્યતા નકારી શકાય નહીં. તેથી જિલ્લા વહીવટી તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જરૂરી સાવચેતીના પગલાં લઈ રહ્યું છે.

ચીખલી વિસ્તારમાં બપોરે ૧૨ થી ૨ વાગ્યા સુધીના બે કલાકમાં જ ૧૬ મીમી વરસાદ નોંધાયો હતો. દરમિયાન વરસાદને પગલે તાલુકામાંથી પસાર થતી અંબિકા, કાવેરી અને ખરેરા સહિતની લોકમાતાઓમાં પાણીના સ્તરમાં વધારો થવા પામ્યો હતો. આજના વરસાદથી ડાંગર, સૂરણ, કંદ, હળદળ, શેરડી ઉપરાંત શાકભાજીના પાકોને મોટી રાહત થવા પામી હતી. સવારે છ વાગ્યેથી સાંજે ચાર વાગ્યા સુધીમાં ૨૩ મીમી વરસાદ થયો હતો.

# ડાંગ જિલ્લામાં ધીમીધારનો વરસાદી માહોલ જામ્યો



ગિરીશ ભોયે

**ગિરિમથક** સાપુતારા સહિત અન્ય પ્રવાસન સ્થળોએ કુદરતી સૌંદર્યનો આસ્વાદ માણવા પ્રવાસીઓનું ઘોડાપૂર ઊમટી પડ્યું

સાપુતારા : રાજ્યના છેવાડે આવેલા ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં છેલ્લા બે દિવસથી ધીમીધારનો વરસાદી માહોલ જામ્યો છે.

ડાંગ જિલ્લામાં શનિવારે વહેલી સવારથી જ વરસાદ પડતા સર્વત્ર પંથકોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ હતુ. ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી ધીમીધારનો વરસાદ યથાવત રહેતા ખેડૂતો ડાંગરની રોપણીમાં વ્યસ્ત દેખાઈ રહ્યા છે.

ડાંગ જિલ્લામાં વરસાદી માહોલનાં પગલે પ્રકૃતિ હિલોળે ચડી છે. શનિ રવિની રજાઓના પગલે ગિરિમથક સાપુતારા સહીત તળેટી વિસ્તારમાં આવેલા હોટલ, રિસોર્ટસ, હોમસ્ટે હાઉસફુલ થઈ ગયા હતા.

ગિરિમથક સાપુતારા ખાતે ધીમીધારનાં વરસાદી માહોલ વચ્ચે ગાઢ ધુમ્મસીયા વાતાવરણની સફેદ ચાદર ઓઢાઈ રહેતા ફરવા આવેલા પ્રવાસીઓનો ઉન્માદ બેવડાયો છે. તો બીજી તરફ વઘઈનાં ગીરાધોધ, ગિરમાળનો ગીરાધોધ અને ડોન હિલસ્ટેશન ખાતે પણ પ્રવાસીઓની ભીડ ઉમટી પડી હતી.

વરસાદી માહોલમાં ડાંગ જિલ્લાનું કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠતા પ્રકૃતિ હિલોળે ચડી હતી.

ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમ્યાન સુબિર પંથકમાં 04 મીમી, વઘઈ પંથકમાં 12 મીમી, આહવા પંથકમાં 14 મીમી જ્યારે સૌથી વધુ સાપુતારા પંથકમાં 26 મીમી અર્થાત 1.04 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

# ટેન્ટ હાઉસનાં સંચાલકોએ નિયમોનાં ધજાગરા ઉડાડ્યા

**માલેગામના** સંચાલકોએ પરવાનગી વિના જંગલ ટ્રેકિંગ સહિત એડવેન્ચર પ્રવૃત્તિઓ ચલાવતા પ્રકૃતિ અને પ્રવાસીઓને જોખમ

**તંત્રની** ઘોર બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે રોષ



ગિરીશ ભોયે

## સીલ કરવાની અને ઉચ્ચ સ્તરીય તપાસની માંગ

તાજેતરમાં જ ડાંગના નાયબ જિલ્લા વિકાસ અધિકારી એચ.બી. પટેલે ગેરકાયદે રિસોર્ટ અને ટેન્ટ હાઉસ સામે તલાટીઓને કડક પગલાં લેવા સૂચના આપી હતી. આ પૃષ્ઠભૂમિમાં સ્થાનિકોએ માંગ કરી છે કે તંત્ર તાત્કાલિક તપાસ કરી આ ત્રણેય ટેન્ટ હાઉસને સીલ કરે. જો વહેલી તકે કાયદેસરની કાર્યવાહી નહીં થાય, તો આગામી દિવસોમાં આ મામલે સીધા મુખ્યમંત્રી સુધી રજૂઆત કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

સાપુતારા : ડાંગ જિલ્લાના પ્રખ્યાત ગિરિમથક સાપુતારાની તળેટીમાં આવેલા માલેગામ ખાતે આદિવાસી ખેડૂતોની 73AA ની જમીનો પર તંત્રની કોઈ પણ પ્રકારની મંજૂરી વિના ગેરકાયદે રીતે ત્રણ જેટલા ટેન્ટ હાઉસ ધમધમી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી સ્થાનિક ગ્રામ પંચાયત, વન વિભાગ કે નગર નિયોજનની પરવાનગી વગર વ્યાવસાયિક પ્રવૃત્તિઓ ચાલતી હોવા છતાં જિલ્લા વહીવટી તંત્ર મૂકપ્રેક્ષક બનીને બેઠું હોય તેમ લાગી રહ્યું છે. જેને પગલે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. અને સમગ્ર પ્રકરણની ઉચ્ચસ્તરીય તપાસ કરી કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, માલેગામના ગામતળમાં ત્રણ અલગ-અલગ સ્થળોએ આ પ્રવૃત્તિઓ ચાલી રહી છે જેમાં સોમાભાઈ મહાદેભાઈ ગાયકવાડની જમીન પર રાજુભાઈ મોઢવાડિયા સંચાલિત ટેન્ટ હાઉસ, સુરેશભાઈ બન્સીભાઈ ભોયેની જમીન પર ગોપાળભાઈ પાદરીયાનું ટેન્ટ હાઉસ અને કાશીરામભાઈ સોમાભાઈ ઠાકરેની જમીન પર ઋષિરાજ મોરીનું ટેન્ટ હાઉસ સામેલ છે.

આ આક્ષેપો મુજબ, ત્રણેય ટેન્ટ હાઉસનાં સંચાલકો દ્વારા ગ્રામપંચાયત, વન વિભાગ અથવા અન્ય સંબંધિત સરકારી સત્તાધિકારીઓ પાસેથી જરૂરી મંજૂરી લેવામાં આવી નથી. તેમ છતાં અહીં ગેરકાયદે રીતે પ્રવાસીઓને રહેવાની, જમવાની, ટ્રેકિંગ સહિત એડવેન્ચર એક્ટિવિટીઓની સુવિધા આપવામાં આવી રહી છે. દક્ષિણ વન વિભાગમાં લાગુ શામગહાન રેંજનાં જંગલ વિસ્તારમાં ટ્રેકિંગ જેવી પ્રવૃત્તિઓ ચલાવી વન સંપદાને નુકસાન પોહચાડવાની ચોંકાવનારી વિગતો જાણવા મળી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ટેન્ટ હાઉસનાં સંચાલકો દ્વારા કમાણીનાં લ્હાયમાં મંજૂરી અને સલામતીના ધોરણો વિના જંગલ ટ્રેકિંગ અને એડવેન્ચર પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. જો આવી પ્રવૃત્તિ દરમિયાન કોઈ પ્રવાસીઓ ઉપર જંગલી જાનવર હુમલો કરે અથવા અકસ્માત કે જાનહાનિ થાય તો તેની જવાબદારી કોણ લેશે વહીવટી તંત્ર કે ટેન્ટ હાઉસનાં સંચાલકો જે ગંભીર પ્રશ્ન ઊભો થયો છે.

ચોમાસાની સિઝનમાં મોટી સંખ્યામાં લક્ઝરી બસો દ્વારા આ ત્રણ ટેન્ટ હાઉસમાં પ્રવાસીઓને લાવવામાં આવી રહ્યા છે.

આક્ષેપ મુજબ ટેન્ટ હાઉસનાં સંચાલકો ખુલ્લેઆમ દાવો કરે છે કે તેમની પાસે જિલ્લા કલેક્ટરનો બિનખેતી (NA)નો હુકમ હોવાથી અન્ય કોઈ વિભાગની પરવાનગી લેવાની જરૂર નથી. અમે કોઈ પણ પ્રવૃત્તિ કરી શકીએ અમને રોકવા વાળુ કોણ? જોકે જાણકારોના જણાવ્યા મુજબ માત્ર બિનખેતીનો હુકમ મળવાથી ટેન્ટ હાઉસ, હોમસ્ટે, એડવેન્ચર સ્પોર્ટ્સ અથવા જંગલ ટ્રેકિંગ જેવી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ કાયદેસર બની જતી નથી. તેના માટે સંબંધિત વિભાગોની મંજૂરી અને સલામતીના તમામ નિયમોનું પાલન ફરજિયાત હોય છે.



# નવસારીને 'મોડલ જિલ્લો' બનાવવાનો રોડમેપ તૈયાર

**સી.આર.** પાટીલે વિકાસકાર્યોની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરી

નવસારી : નવસારીને દેશના અગ્રણી અને મોડલ જિલ્લામાં સ્થાન અપાવવાના હેતુથી કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા નવસારીના સાંસદ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં સર્કિટ હાઉસ ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના ફ્લેગશિપ વિકાસકાર્યો અને ભાવિ આયોજન અંગે વિભાગવાર સમીક્ષા કરવામાં આવી હતી.

સ્વચ્છ ભારત મિશન, જળ સંરક્ષણ, ગ્રામ વિકાસ, પંચાયત એડવાન્સ ઈન્ડેક્સ, કુપોષણ નિવારણ, શિક્ષણ અને પીવાના પાણી સહિતના વિવિધ વિષયો પર અધિકારીઓએ પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા.

સી.આર. પાટીલે સુકન્યા સમૃદ્ધિ યોજના, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ અને સરકારની યોજનાઓનો લાભ દરેક પાત્ર લાભાર્થી સુધી પહોંચે તે માટે અધિકારીઓને પરિણામલક્ષી કામગીરીના નિર્દેશ આપ્યા હતા. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાણી દ્વારા જિલ્લાના વિકાસકાર્યો અને આગામી આયોજનની વિગતો રજૂ કરવામાં આવી હતી.

બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક, મહાનગરપાલિકા કમિશનર સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વિકાસને વધુ ગતિ આપવા અને વિભાગો વચ્ચે સંકલન મજબૂત બનાવવા પર બેઠકમાં વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

# બાળ લગ્નના કેસમાં પૂર્વ પતિ અને સગી માતા સામે ગુનો દાખલ

**ચીખલી** તાલુકામાં બાળ લગ્નના કેસમાં વિચિત્ર કિસ્સો

**16** વર્ષ જૂના કેસમાં લગ્ન કરાવનાર સગી માતા પણ આરોપી, પૂર્વ પતિની ધરપકડ

ઘેજ : ચીખલી તાલુકાના એક ગામની મહિલા ૨૦૧૦ ના વર્ષમાં સગીર હોવા છતાં લગ્ન કરનાર તાલુકાના એક ગામના તેના તત્કાલીન પતિ અને લગ્ન કરવામાં મદદ કરનાર પોતાની માતા સામેની મહિલાની ફરિયાદમાં કોર્ટના આદેશ બાદ પોલીસે બંને સામે બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ અને પોક્સો એક્ટની જોગવાઈ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે મહિલાના તત્કાલીન પતિની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા તેને સબજેલમાં રવાના કરવામાં આવ્યો હતો.

ચીખલી તાલુકામાં ફરિયાદી મહિલાના લગ્ન ૧૫/૦૫/૨૦૧૦ ના રોજ કમલેશ પરસોત્તમભાઇ પટેલ સાથે થયા હતા. ત્યારે તેણીની ઉંમર ૧૫ વર્ષ અને એક મહિનાની હતી. અને પોતાની સગી માતાને પણ સગીર હોવાની ખબર હોવા છતાં લગ્ન કરાવેલા હતા.

લગ્ન સમયે ફરિયાદી મહિલા સગીર હતી અને નવેમ્બર-૨૦૧૨ માં પોક્સો એક્ટ અમલમાં આવેલો ત્યારે પણ તેણીની ઉંમર ૧૭ વર્ષ અને ૭ મહિના હતી ત્યારે નવેમ્બર-૨૦૧૨ થી એપ્રિલ-૨૦૧૩ દરમ્યાન ચાર મહિનામાં કમલેશે તેના ઘરે અસંખ્ય વાર મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યા હતા અને કમલેશ સાથેના લગ્ન જીવન દરમ્યાન તેણીએ ૨૦૧૨ અને ૨૦૧૫ ના વર્ષમાં બે દીકરીને જન્મ આપ્યો હતો.

બાદમાં કમલેશ સાથે અણબનાવ થતા કોર્ટમાંથી તેની સાથે મહિલાએ છૂટાછેડા લઈ બંને દીકરીઓનો કબ્જો પણ તેની પાસે જ હોવા સાથે તેણીએ વલસાડના હિતેશ પટેલ સાથે બીજા લગ્ન કર્યા હતા અને તેમના થકી એક પુત્ર છે.

ઉપરોક્ત મુજબની હકીકત સાથેની ફરિયાદમાં નવસારીની એડિશનલ સેશન્સ જજ અને સ્પેશિયલ પોક્સો કોર્ટના હુકમ બાદ પોલીસે ફરિયાદી મહિલાના તત્કાલીન પતિ કમલેશ પટેલ તથા મહિલાની માતા સામે પોક્સો એક્ટની જોગવાઈ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીઆઇ-પી.બી.પટેલીયા કરી રહ્યા હતા. ઉપરોક્ત બનાવમાં પોલીસે આરોપી કમલેશ પટેલની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા આરોપીને સબ જેલમાં રવાના કરવાના હુકમ કર્યો હતો.

# નવસારીમાં PM મોદીના સંભવિત પ્રવાસને લઈ તડામાર તૈયારીઓ

**કેન્દ્રીય** મંત્રી સી.આર. પટેલની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક



નવસારીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંભવિત નવસારી પ્રવાસને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર અને ભાજપ સંગઠન દ્વારા તૈયારીઓને અંતિમ ઓપ આપવાની પ્રક્રિયા તેજ બની છે. આ સંદર્ભે નવસારી સ્થિત 'કમલમ' કાર્યાલય ખાતે ઉચ્ચસ્તરીય આયોજન બેઠક યોજાઈ હતી.

બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને નવસારીના સાંસદ સી.આર. પટેલે કરી હતી. બેઠકમાં કેન્દ્ર સરકારના જળ શક્તિ મંત્રાલયના સંયુક્ત સચિવ ઐશ્વર્યા સિંહ (IAS), પંચાયતી રાજ મંત્રાલયના ડિરેક્ટર વિપુલ ઉજ્જવલ (IAS), ગુજરાત સરકારના સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ના મિશન ડિરેક્ટર પ્રશસ્તિ પરીખ તેમજ જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાણી સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન વડાપ્રધાનના સંભવિત કાર્યક્રમને અનુલક્ષીને સ્થળ વ્યવસ્થા, સુરક્ષા, સ્વચ્છતા, લોકભાગીદારી, વિકાસલક્ષી યોજનાઓ અને વિવિધ વિભાગોની કામગીરી અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લોકાર્પણ અને વિકાસ પ્રોજેક્ટને લગતી તૈયારીઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

વહીવટી તંત્ર દ્વારા કાર્યક્રમના સફળ આયોજન માટે વિવિધ વિભાગોને જવાબદારીઓ સોંપી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી. વડાપ્રધાનના સંભવિત નવસારી પ્રવાસને લઈને આગામી દિવસોમાં તૈયારીઓ વધુ તેજ બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# કપરાડાની સગીરા સાથે લગ્નની લાલચે દુષ્કર્મ

વલસાડ : કપરાડા તાલુકાના એક ગામમાં સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ઘરેથી ભગાડી જઈ તેની સાથે દુષ્કર્મ કરવાની ફરિયાદ કપરાડા પોલીસમાં નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, કપરાડા પોલીસ મથકે તાલુકાના એક ગામમાં રહેતી માતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની સગીર વયની દીકરીને તેમના ગામનો યુવાન લગ્ન કરવાની લાલચ આપી ઘરેથી ભગાડી ગયો હતો. અને તેની સાથે અવાર નવાર શરીર સબંધ બાંધ્યા હતાં. પાંચેક મહિના અગાઉ પણ તે શાળામાંથી ઘરે આવી રહી હતી ત્યારે જંગલમાં લઈ જઈ લગ્ન કરવાનો હોવાનું જણાવી શરીર સબંધ બાંધ્યા હતાં. પોલીસે માતાની ફરિયાદ નોંધી યુવક સામે વિવિધ કલમો થકી ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

ચોમાસા અને ઉનાળામાં વિદ્યાર્થીઓ-મહિલાઓ ભારે હાલાકીનો ભોગ બન્યા

# હનુમાનબારીમાં બસ સ્ટેન્ડનો અભાવ

**વાંસદાના** હનુમાનબારી સર્કલ પર સુવિધા આપવા ઉગ્ર માંગ



નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા તાલુકાના વિકાસશીલ એવા હનુમાનબારી ગામના વાંસિયા રાજાભીલ સર્કલ ખાતે વર્ષોથી બસ સ્ટેન્ડ ન હોવાને કારણે હજારો મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વહેલી તકે અહીં બસ સ્ટેન્ડની સુવિધા ઊભી કરવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા તીવ્ર માંગ ઉઠી છે.

વાપી-શામળાજી સ્ટેટ હાઈવે નં. 56 પર આવેલું આ સર્કલ અત્યંત વ્યસ્ત જંક્શન છે, જે નવસારી, સુરત, વાપી, સાપુતારા અને નાસિક જેવા મોટા શહેરોને જોડે છે. અહીંથી હનુમાનબારી સહિત આજુબાજુના અનેક ગામોના લોકો અને ખાસ કરીને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ રોજ મુસાફરી કરે છે. પરંતુ, ચોક્કસ બસ સ્ટેન્ડના અભાવે મુસાફરોને કલાકો સુધી ખુલ્લા રોડ પર ઊભા રહેવું પડે છે. ચોમાસામાં ધોધમાર વરસાદ અને ઉનાળાના અસહ્ય તાપથી બચવા માટે લોકોએ આસપાસની દુકાનોના ઓટલાનો આશરો લેવો પડે છે, જેમાં મહિલાઓ અને વૃદ્ધોની હાલત વધુ કફોડી બને છે.

ઝડપથી વિકસતા આ વિસ્તારમાં આવી પ્રાથમિક સુવિધા ન હોવાથી સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી રહી છે. જનહિતમાં તંત્ર દ્વારા અહીં તાત્કાલિક આધુનિક બસ સ્ટેન્ડ બનાવવામાં આવે તેવી લોકવાણી પ્રબળ બની છે. વાંસિયા રાજા ભીલ સર્કલથી ધરમપુર - વાપી, વઘઈ - આહવા, સાપુતારા તેમજ ચીખલી-નવસારી - સુરત તરફ જતાં મુસાફરો માટે બસ સ્ટેન્ડની સુવિધા ઉપલબ્ધ નથી.

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, હમારા અસીલો બ્લોક/સર્વે નં.૫૬/૧ પૈકી ૧, ૫૬/૧ પૈકી ૨, ૫૬/૨ પૈકી ૨, ૫૭/૨/એ પૈકી, ૫૭/એ/૨ પૈકી ૧ તથા ૫૭/એ/૨ પૈકી ૩, મોતીવાલા, વાયા-ઉદવાડા, તા.પારડી, જી.વલસાડ ખાતે શ્રી જલારામ સ્ટોન ક્વોરીના નામે ભાગીદારી પેઢી ધરાવતા આવેલા હતા અને સદર ભાગીદારી પેઢીનો તમામ વહીવટ-વ્યવસ્થા તમામ ભાગીદારો એકબીજાની સંમતિથી કરતા આવેલ હતા. ત્યારબાદ એક ભાગીદાર સિવાય તમામ ભાગીદારો ઉપરોક્ત ભાગીદારી પેઢીમાંથી તા.૩૧-૩-૨૦૨૫ ના રોજ છુટા થયેલ છે. ત્યારબાદ નવા ભાગીદારો દ્વારા ઉપરોક્ત ભાગીદારી પેઢી આજદિન પર્યંત ચાલુ રાખવામાં આવેલ છે, જેથી જાહેર જનતાને તેમજ સદર શ્રી જલારામ સ્ટોન ક્વોરી સાથે ધંધાકીય સંબંધ રાખનારાઓને જણાવવાનું કે, તા.૩૧-૩-૨૦૨૫ સુધીના જે કોઈ વ્યવહારો બાબતે ભાગીદારી પેઢી સાથે હિસાબોની લેતી-દેતી બાકી હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાના ૧૦ (દસ) દિવસની અંદર જરૂરી પુરાવા સાથે હમારા અસીલોનો રૂબરૂ સંપર્ક કરી તેમને મળીને હિસાબો પૂર્ણ કરી લેવાના છે અને રહેશે. તેમજ હમારા અસીલોની ભાગીદારી પેઢીના એક્સીસ બેંક, ઘોડદોડ રોડ, સુરત શાખામાં તેમજ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, વાપી શાખામાં તથા એચ.ડી.એફ.સી. બેંક, પારડી શાખામાં એકાઉન્ટો ચાલી આવેલ હોય, તે ખાતાઓના ચેક જો કોઈ પણ ઈસમ કે સંસ્થા પાસે હોય તો તે અંગેનો હિસાબ અને પુરાવા સાથે હમારા અસીલોને વ્યક્તિગત રીતે મળીને હિસાબો પુરાવા સાથે રજુ કરી જે કંઈ વ્યવહાર-વહીવટ કરવાનો હોય તે કરી સદર ચેક જે-તે ભાગીદારોને વ્યક્તિગત રૂબરૂ મળી પરત કરી દેવા તેમજ તે અંગેના હિસાબોની એક નકલ હમારા અસીલો વતી હમો એડવોકેટને પણ મોકલી આપવા. જો નક્કી કરેલ સમયમર્યાદામાં કોઈ ઈસમ કે સંસ્થા દ્વારા પુરાવા સાથે હિસાબો રજુ કરવામાં નહીં આવે તો ત્યારબાદ સદર ભાગીદારી પેઢીના ચેકોનો કોઈપણ ગેરવહીવટ કરવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ઈસમ અને સંસ્થાની રહેશે અને હમારા અસીલો તેવી વ્યક્તિ કે સંસ્થા વિરૂધ્ધ ફોજદારી તેમજ દિવાની રાહે કાર્યવાહી કરશે, જેની સર્વેએ નોંધ લેવી.

તા. ૧૮-૦૭-૨૦૨૬ **શૈલેષ આર. મોદી** (તે ખરીદનારના એડવોકેટશ્રી)

૨૪૦, સરદાર પટેલ ટાઉનશીપ, સ્ટેશન રોડ, નવસારી-૩૯૬૪૪૫. મો.: ૯૯૯૮૮૨૬૫૧૧